R.C.S.NO.51/2005 1/1 ORDER BELOW EXH.1

**<u>રેગ્યુલર દિ. કેસ નંબર–૫૧/૨૦૦૫ ના કામે આંક–૧ લગત હુકમ</u>**

હાથ ઉપરનું રેકર્ડ તપાસ્યું. હાલનું કામ ૨૦ વર્ષથી વધુ જુનુ છે અને હાલનું કામ ઘણા સમયથી પ્રતિવાદી નં.જના પુરાવાના તબકકે ચાલે છે. હાલના કામે પ્રતિવાદી નં.જને હાલના કામે હાજર રહી પુરાવો રજૂ રાખવા ધારા–ધોરણસર નોટીસ ઈશ્યુ કરતાં પ્રતિવાદી નં.જનાએ હાલના દાવાના કામે જે સરનામુ રજૂ રાખેલ છે તે સરનામે તથા આજુબાજુમાં તથા ગામમાં તપાસ કરતા પ્રતિવાદીને કોઈ ઓળખી બતાવતુ ન હોઈ પ્રતિવાદી નં.જને ઈશ્યુ કરેલ નોટીસ વગર બજયે પરત ફરેલ છે જે હાલના કામે આંક–૧૬૮ થી સામેલ છે. ત્યારબાદ હાલના કામે પ્રતિવાદી નં.જના વિ.વ.શ્રી એ.એસ.કુરેશીનાઓને હાલના કામે હાજર રહી પ્રતિવાદી નં.૪ તરફે આગળની કાર્યવાહી કરવા ધારા–ધોરણસર નોટીસ ઈશ્યુ કરેલ જે પ્રતિવાદી નં.જના વિ.વ.શ્રીને ધારા–ધોરણસર બજી ગયેલ છે જે હાલના કામે આંક–૧૭૦ થી સામેલ રાખેલ છે. હાલનું કામ ૨૦ વર્ષથી વધુ જુનુ છે તેમજ પ્રતિવાદી નં.૪ તથા તેમના વિ.વ.શ્રીને હાલના કામની ઈન્સાફી કાર્યવાહી આગળ ધપાવવા અદાલત તરફથી ઉપરોકત જણાવ્યા મુજબના યોગ્ય પ્રયત્નો પણ હાથ ધરેલ છે તેમછતાં પ્રતિવાદી નં.૪ તરફે હાલના કામે અદાલત સમક્ષ કોઈ હાજર રહેલ નથી કે પ્રતિવાદી નં.૪ તરફે હાલના કામે પુરાવો રજૂ કરવા માટે કોઈ રજૂઆત થયેલ નથી. જે સંજોગોમાં, હાલના કામે પ્રતિવાદી નં.૪ નો પુરાવાનો હકક હકક ન્યાયના હિતમાં બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજ તા.૧૨ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

તારીખઃ ૧૨.૦૮.૨૦૨૬.
સ્થળઃ જેતપુર

( પ્રણવ દિલીપકુમાર મોદી )
પ્રિન્સી. સિ. સીવીલ જજ, જેતપુર.
કોડ નં.જીજે૦૧૨૦૨.